








## અરવલ્લી જિલ્લામાં પાનકાર્ડ જોગવાઈના વિરોધમાં જ્વેલર્સની રાષ્ટ્રીય હડતાળને મિશ્ર પ્રતિસાદ

કેન્દ્ર સરકાર દ્વારા રૂપિયા ૨ લાખથી વધુની કિંમતની જ્વેલરી ખરીદી સમયે પાનકાર્ડ મેળવવાની જોગવાઈથી જ્વેલર્સો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સોનાની વધતી કિંમતો અને સામાન્ય ખરીદીમાં પણ ગ્રાહકોના ૨ લાખના બિલ બની જાય છે. આ સંજોગોમાં તમામ ગ્રાહકો પાસે પાનકાર્ડ મેળવવાનુ મુશ્કેલ બની જાય છે. પાનકાર્ડની જોગવાઈના લીધા જેન્યુઈન જ્વેલર્સે વેપાર ગુમાવવાની સ્થિતિ બની છે. કેન્દ્ર સરકારમાં વારંવાર રજુઆત બાદ પણ પ્રશ્નોનું સમસ્યા હલ ન થતા જેમ એન્ડ જ્વેલરી ફેડરેશને ૧૦ ફેબ્રુઆરીએ આપેલી રાષ્ટ્રવ્યાપી હડતાળમાં અરવલ્લી જિલ્લામાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. મોડાસાના જ્વેલર્સે રાધીકા જ્વેલર્સના માલિક ભરતભાઈ સોનીના જણાવ્યા મુજબ જિલ્લામાં રાષ્ટ્રવ્યાપી હડતાળમાં રીટેઈલર, હોલસેલર્સ અને કારીગરો જોડાયા હતા અને જિલ્લાના ૪૦૦થી વધુ જ્વેલર્સ બંધમાં જોડાયા હતા. તદઉપરાંત સામાન્ય નાગરીકો પણ પાનકાર્ડની વિગતો આપતા ખચકાટ અનુભવે છે. આ તબક્કે પાનકાર્ડની જોગવાઈથી વેપાર ઘટશે. જ્વેલર્સ દ્વારા ૫ લાખથી વધુના ઘરેણાની ખરીદી પર પાનકાર્ડ અમલી બનાવવુ જોઈએ તેમ જણાવ્યું હતું.

# મોડાસા શહેરમાં તસ્કરરાજ પોલીસતંત્ર માટે શરમજનક ઘટના

## તસ્કરોએ ૪૮ કલાકમાં ચાર ચોરીની ઘટનાને અંજામ આપી પલાયન : પોલીસતંત્ર નિંદ્રાધીન

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં તસ્કરરાજ પ્રવર્તી રહ્યું છે. મોડાસા ટાઉન પોલીસતંત્રની



નબળી કામગીરીથી નગરજનોમાં ભારે આક્રોશ ફેલાયો છે. નવા આવેલા ડીએસપીના રાજમાં પણ રાત્રીના સમયે ચોરીના બનાવો અટક્યા નથી. તસ્કરગેંગ જિલ્લા પોલીસતંત્રને પડકાર ફેંકતી હોય તેમ જિલ્લામાં અને મુખ્યમથક મોડાસા શહેરમાં સપ્તાહની અંદર ઘમરોળી નાખ્યો છે. તસ્કર ટોળકી લૂંટ-ચોરીની ઘટનાને અંજામ આપી હવામાં ઓગળી જતી હોય તેમ પોલીસ પકડથી દૂર છે. ત્યારે સમગ્ર જિલ્લા અને મોડાસા શહેરમાં નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવા જનતાની ઉગ્ર માંગ ઉઠી છે. મોડાસા શહેરમાં ૪૮ કલાકમાં તસ્કર ટોળકીએ ચાર ચોરીની ઘટનાને અંજામ આપી મોડાસા ટાઉન પોલીસને ખુલ્લો પડકાર ફેંકી રહ્યા હોય તેમ જણાઈ રહ્યું છે.

મોડાસા શહેરમાં છેલ્લા સપ્તાહથી ચોરી, લૂંટ-ફાટની ઘટનાઓમાં એકાએક વધારો જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરમાં તસ્કરગેંગ સક્રિય થતા નગરજનોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસા શહેરના ડુઘરવાડા રોડ પર સંજર સોસાયટીમાં રહેતી પરવીનબેન સીકંદરભાઈ કાંકરોલીયાના મકાનને તસ્કરોએ નિશાન બનાવતા ઘરમાં રહેલી તીજોરીનો દરવાજો તોડી ૭ ગ્રામ સોનાની ચેન કિંમત રૂ. ૫,૦૦૦ તથા બચત ગલ્લો તોડી રૂ. ૨,૫૦૦, તીજોરી અંદર રહેલી રોકડ રકમ ૧૦૦૦૦ તથા ૩૨ ઈંચનું એલઈડી ટીવી મળી કુલ રૂ. ૪૦,૦૦૦નો મુદ્દામાલ ચોરી કરી તેમજ મકાન કમ્પાઉન્ડમાં રહેલ સુલેમાનભાઈ ખાનજીનું પેશન પ્રો. બાઈકની ઉઠાંતરી કરી તસ્કરો પલાયન થઈ જતા રહેણાંક વિસ્તારમાં ચકચાર મચી છે. જ્યારે બીજી બાજુ ન્યુ લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા દિનેશ પટેલનો પરિવાર લગ્નપ્રસંગે બહાર ગયો હતો ત્યારે ઘરના દરવાજાનો નકુચો તોડી અજાણ્યા તસ્કરો ઘરમાં પ્રવેશ કરી માલ સામાન વેર વિખેર કરી તીજોરીના લોક તોડી નાખી ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. મકાનમાલિક બહાર હોવાથી કેટલાની મત્તા ચોરાઈ એ જાણવા મળ્યુ ન હતુ. પરંતુ હજ્જારો રૂપિયાની ચોરીની શક્યતા જોવાઈ રહી છે. મોડાસા ટાઉન પોલીસ ચોરીની આ ઘટનાની પહેલી બુજાવે તે પહેલા જ મંગળવારે રાત્રે ફરીથી તસ્કરગેંગે મોડાસાના ડુઘરવાડા રોડ પર ગરીબનવાજ સોસાયટીમાં રહેતા યા. તસ્લીમ માં.વદુદ અંસારીના ઘરનો આગળના દરવાજાની જાળીનો નકૂચો તોડી તીજોરીમાં રહેલી ૩ સોનાની ચેન, ૩ સોનાની વીંટી, એક એરીંગ જોડ સહિત ૨૫૦ ગ્રામ ચાંદી મળી કુલ અંદાજે ૧,૫૦,૦૦૦ની ચોરીની ઘટનાને અંજામ આપી તસ્કર ગેંગ પલાયન થઈ જતા હાહાકાર ફેલાયો હતો. જ્યારે ફ્રિજ પર પર્સમાં રહેલી ૫૦૦૦ રૂ. રોકડ રકમ ચોરોની નજરે નહિ ચડતી બચી જવા પામી હોવાનું આધારભુત સૂત્રોના જણાવ્યા અનુસાર જાણવા મળ્યું હતું. મોડાસા શહેરમાં તસ્કરોનો તરખાટ યથાવત રહેતા નગરજનોમાં ભય ફેલાયો છે.



અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા ટાઉન પોલીસની નિષ્ક્રિય કામગીરીથી શહેરમાં ચોરીની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર પાંચ માસથી લગભગ ૧૦૦ જેટલી ચોરીની ઘટનાઓને અંજામ આપવામાં ચોરો સફળ રહ્યા છે. છેલ્લા સપ્તાહથી લઘુમતિ વિસ્તારમાં ચોરીની ઘટનાઓ રાત્રીના સમયે બનતા ફરીયાદ આપવા ગયેલા રહીશ પર પોલીસ શંકા કરી તેમને જ ચોર સમજતી હોય તેમ ફરીયાદી પર સીધો આરોપ લગાવતી હોય તેમ તમારે દેવુ થઈ ગયુ છે ? તમે જુગાર રમો છો ? જેવા પ્રશ્નો કરી જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન કરી તાબડતોડ કાર્યવાહિ કરવાના બદલે ચોરને પકડવામાં સમય લાગશે જેવા જવાબો મળતા લઘુમતિ વિસ્તારમાં આક્રોશ ફેલાયો હતો. અને આ આક્રોશ રેલી સ્વરૂપે નીકળી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવા પહોંચી હતી. જ્યાં કલેક્ટર વતી અન્ય જવાબદાર અધિકારીએ આવેદનપત્ર સ્વીકારી હૈયાધારણા આપી હતી.

# ધાનેરા નગરપાલિકા પાસે દબાણનો રેકર્ડ નથી

## જાગૃત નાગરિક દ્વારા માહિતી માગતા સત્ય બહાર આવ્યુ : ધાનેરાની સોસાયટીઓમાંથી કોમન પ્લોટ ગાયબ : તંત્રની મહેરબાની

ધાનેરા, તા. ૯

ધાનેરાના એક જાગૃત નાગરિક દ્વારા ધાનેરાની સોસાયટીઓના કોમન પ્લોટ બાબતે માહિતી માગતા નગરપાલિકાએ માહિતી આપી હતી કે અમારી પાસે કોઈ રેકર્ડ પર ઉપલબ્ધ નથી જેથી ધાનેરાના લોકો કહી રહ્યા છે કે સાચેજ માહિતી રેકર્ડ પર નથી કે નગરપાલિકાએ ખોટી માહિતી આપી છે. અને જો સાચે જ નગરપાલિકાના રેકર્ડ પર નથી તો આ બાબત ખુબજ શરમજનક કહેવાય.

ધાનેરા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં દિવસે દિવસે દબાણમાં વધારો થઈ રહ્યો છે. એક તરફ સરકાર દ્વારા દબાણ હટાવવા ઝુંબેશ ચલાવવામાં આવે છે. તો બીજી તરફ તંત્રના કેટલાક કટકીખોર અધિકારીઓની મહેરબાનીથી સોસાયટીઓના કોમન પ્લોટ પર પાકા દબાણ થઈ રહ્યા છે અને આ બાબતે તંત્રને પુછતા તંત્રે સાવ અજાણ હોય તેવા નાટક કરી રહી છે. હવે જો વાત કરવામાં આવે ધાનેરાની તો ધાનેરાની કેટલીક સોસાયટીઓના કોમન પ્લોટ ગાયબ થઈ ગયા છે. અને મકાન પ્લોટમાં પાકા બાંધકામ કરી દેવામાં આવ્યા છે. ધાનેરાના એક જાગૃત નાગરિક દ્વારા ધાનેરા નગરપાલિકા પાસે જાહેર માહિતી અધિનિયમ ૨૦૦૫ મુજબ માહિતી માંગવામાં આવી હતી કે ધાનેરામાં કેટલી સોસાયટીના કોમન પ્લોટ પર દબાણ કરવામાં આવ્યુ છે. જો દબાણ કરવામાં આવ્યું છે તો નગરપાલિકા પાસેથી પરવાનગી લીધેલ છે. અને જો આ લોકો પાલિકાની પરવાનગી લીધા વગર દબાણ કરેલ છે તો તેની સામે કોઈ કાર્યવાહી કરેલ છે કે નહિ. આવા વિવિધ મુદ્દાઓ પર માહિતી માગવામાં આવી હતી. તો તેના જવાબ પેટે નગરપાલિકા દ્વારા માહિતી આપવામાં આવી હતી કે અમારા રેકર્ડ પર ઉપલબ્ધ નથી જો પાલનપુર નગરપાલિકા દ્વારા ડૉક્ટર હાઉસ અને ભાજપ કાર્યાલયના દબાણ દૂર કરવાની નોટીસ આપી શકે છે. તો ધાનેરા નગરપાલિકાને ચેલેન્જ આપી પાલિકાની પરવાનગી લીધા વગર સોસાયટી કોમન પ્લોટ પર કરેલ દબાણ ધાનેરા નગરપાલિકા કેમ દૂર ન કરી શકે. તો હવે જોવાનું એ રહ્યું કે ધાનેરા નગરપાલિકાને ચેલેન્જ આપી થયેલ બાંધકામ ક્યારે તોડી પાડે છે તે તો આવનારો સમય જ બતાવશે.



## ધાનેરામાં કિસાન સંઘે ખેડૂતોની સહાય મામલે આવેદનપત્ર પાઠવ્યું

ધાનેરા તાલુકામાં ગત જુલાઈ માસમાં આવેલ પૂર તેમજ વધુ વરસાદના કારણે મકાન તેમજ જમીન ધોવાણ થતા સરકાર તરફથી ખેડૂતોને સહાય આપવામાં આવી છે અને કેટલાક સરપંચો, તલાટી તેમજ મળતીયાઓ ભેગા મળી આવેલ રકમનો સરવાળો કરી અંતિમ રિપોર્ટ મોકલી દીધો છે પરંતુ અસંખ્ય ખેડૂતોને સહાય ન મળતા આ મામલે કિસાન સંઘના હોદ્દેદારોએ રેલી કાઢી ટીડીઓ અને મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં ખેડૂતોને ફરીથી ફોર્મ ભરી સહાય મેળવવા માટે અધિકારીઓને ફોર્મ આપવા અનુરોધ કર્યો હતો.




## વાઘપુર પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ યોજાયો

પ્રાંતિજ તાલુકાના વાઘપુર ગામે આવેલ વાઘપુર પ્રાથમિક શાળામાં શનિવારના રોજ વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં માજી શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, સરપંચ તથા મહેમાનો ગામના આગેવાનો વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ૨૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈને આવનારા મહેમાનો તથા વાલીઓ અને ગ્રામજનોના દિલ જીતી લીધા હતા અને આવનાર મહેમાનો સહિત ગ્રામજનોએ ભાગ લેનાર શાળાના બાળકો સહિત શિક્ષકોની કામગીરી બિરદાવી હતી.

## જાલેટીની સગીરાને ગામના જ યુવકે પીંખી નાખી

હિંમતનગર, તા. ૧૦

વિજયનગર તાલુકાના ચિઠોડા પોલીસ સ્ટેશન તાબા હેઠળના જાલેટી ગામની સગીરાને યુવકે તેના ઘરેથી ખેંચી જઈ ઘર પાછળના ખેતરમાં લઈ જઈ દુષ્કર્મ કર્યું હતું. દરમિયાન સગીરાના માતા-પિતા આવી ગયાનું જણાતા યુવકે સગીરાને કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ભાગી છુટ્યો હતો. જે અંગે મંગળવારે સવારે સગીરાના પિતાએ ચિઠોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર યુવક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ખેડબ્રહ્મા કાર્યકારી સી.પી.આઈ.એ હાથ ધરી છે.

ચિઠોડા પોલીસમથકના પી.એસ.ઓ. રમણભાઈના જણાવ્યા અનુસાર તાલુકાના જાલેટી ગામના સતીષ ઉર્ફે કાદર ઈશ્વર બોડાતે ૧૩ વર્ષીય સગીરાને તેના ઘરેથી સોમવારે રાત્રે તેનું મોઢું દબાવી સગીરાના ઘર પાછળ વહેતા વાંધાની સામે કાંઠાના ખેતરમાં ઢસળી ગયો હતો. જ્યાં સતીષે સગીરાની મરજી વિરૂદ્ધ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યુ હતું. બનાવ અંગે સગીરાના પિતાએ મંગળવારે ચિઠોડા પોલીસ મથકમાં સતીષ ઉર્ફે કાદર ઈશ્વરભાઈ બોડાત વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

## મેઘરજ પોલીસ સ્ટેશને સ્ટાફ દ્વારા યોગ કરાયા

શિયાળાની વહેલી સવારે વિવિધ દાવ અને આસનો કરી સ્વસ્થ તંદુરસ્તી જાળવી રાખવા માટે યોગા એ અત્યંત મહત્વની કસરત ગણાય છે ત્યારે અરવલ્લી જિલ્લાના મેઘરજ પોલીસ સ્ટેશનમાં મેઘરજ પી.એસ.આઈ. ભાવનાબેન પટેલ અને પોલીસ સ્ટાફ ગણ દ્વારા વહેલી સવારે યોગા કરવામાં આવ્યા હતા.

## ખેડબ્રહ્મા કોલેજમાં સપ્તધારા-૨૦૧૬ કાર્યક્રમ યોજાયો

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા ખાતે ગુજરાત સરકારશ્રીના સ્વર્ણિમ ગુજરાત વૈશ્વિક ગુજરાત ઉત્કૃષ્ટતા અભિયાન અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ની સપ્તધારા અંતર્ગત વિવિધ ધારાઓની સ્પર્ધાતા. ૫-૨-૨૦૧૬ના રોજ કોલેજ ભવન ખાતે યોજવામાં આવી હતી. જેમાં સર્જનાત્મક અભિગમ ધારા, નાટ્યધારા, જ્ઞાનધારા, ગીતસંગીત ધારા, કલા કૌશલ્યધારા, સામુદાયિક, સેવાધારા, વ્યાયમ યોગ ખેલકૂદધારા વગેરે ધારાઓ યોજવામાં આવી હતી. જેમાં કોલેજના ૮૦ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રિ.એન.ડી. પટેલ અને કોઓર્ડિનેટર પ્રા. જે.પી. દેવડા તથા દરેક ધારાના કન્વીનર અધ્યાપકશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના અંતે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## પાલનપુર લૉ કોલેજના વિદ્યાર્થીઓએ ગુજરાત વડી અદાલત અને એફએસએલની મુલાકાત લીધી

પાલનપુરની બી.કે. મર્કેન્ટાઈલ બેંક લૉ કોલેજના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સત પ્રયત્નશીલ છે. આજ આશયથી લૉ કોલેજના વિદ્યાર્થીઓનો એક શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. જેમાં નામદાર ગુજરાત વડી અદાલત, ગુજરાત જ્યુડીશિયલ એકેડેમી, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી તેમજ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની મુલાકાત લૉ કોલેજના આચાર્યા ડૉ. મીનલ એચ. ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં પ્રા. આરતી દવે, પ્રા. ચંદ્રેશ ભાંભી અને પ્રા. યશલ્વી પંડ્યા સહિત આશરે ૬૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

ગુજરાત વડી અદાલતની અલગ અલગ કોર્ટસની દલીલો અને કાર્યવાહી વિદ્યાર્થીઓએ નિહાળ્યા બાદ વડી અદાલત ગ્રંથાલયની મુલાકાત પણ તમામ વિદ્યાર્થીઓએ લીધી હતી. આ દરમિયાન ગુજરાત જ્યુડીશિયલ એકેડેમીની મુલાકાત વખતે એકેડેમીના ડાયરેક્ટર શ્રી વી.પી. પટેલ તેમજ શ્રી મહેતા સાહેબ દ્વારા વિદ્યાર્થીઓને વકીલાતના વ્યવસાયની આચારસંહિતા અંગે સમજણ આપેલ તેમજ જોઈન્ટ ડાયરેક્ટર શ્રી વેકરીયાએ એકેડેમીની પ્રવૃત્તિઓ અંગે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરેલ. ત્યારબાદ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, ગાંધીનગરની મુલાકાત દરમિયાન જે.એન. વ્યાસ, ડાયરેક્ટર એફ.એસ.એલ. તેમજ તેમની ટીમ દ્વારા લેબોરેટરીમાં થતા વિવિધ પરીક્ષણોની વિગતવાર જાણકારી અને માર્ગદર્શન પુરૂ પાડેલ. વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વની પ્રથમ એવી ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની મુલાકાત લીધેલ. અહી યુનિ. રજિસ્ટ્રાર શ્રી સી.ડી. જાડેજા દ્વારા અહી ચાલતા અભ્યાસક્રમો અને તેના મહત્વ અંગે વિસ્તૃત ચર્ચા કરેલ. ગાંધીનગરનાં સિનિયર ધારાશાસ્ત્રી અશ્વિન ત્રિવેદીએ સહકાર પુરો પાડ્યો હતો.